















**GIDC બીલીમોરા ખાતે ઈન્ડસ્ટ્રીયલ મૂલાકાત લેતા આચાર્યશ્રી, વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને કંપનીના માલિકો તેમજ જોબફેર અંગે માર્ગદર્શન આપતા કંપનીનાં માલિક શ્રી તેજશભાઈ દેસાઈ**





વાપી ભાસ્કર 08-02-2023

# ખેરગામ કોલેજમના વિદ્યાર્થીઓ માટે ઈન્ડસ્ટ્રિયલ મુલાકાત યોજાઇ



ખેરગામા ખેરગામ કોલેજના વિદ્યાર્થીઓ માટે જી.આઈ.ડી.સી બીલીમોરા ખાતે આવેલ શ્રી દત્ત પ્લાસ્ટીક, એસ.એન.ડી. ઈન્ડસ્ટ્રીઝ, ઈ.એન.પી. ઈન્ડસ્ટ્રીઝ તથા જ્યોતિ ઈન્જીન્યરીંગ વર્કસની મુલાકાત યોજવામાં આવી. કોલેજના આચાર્યશ્રી ડૉ. એસ. એમ. પટેલના માર્ગદર્શન હેઠળ ટી.વાય.બી.કોમ.માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે કંપનીની કામગીરીથી માહિતગાર કરવા આ વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં બીલીમોરાના ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર દીપેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.તેમણે વિદ્યાર્થીઓને કંપનીની ઓટોમોબાઈલ્સમાં વપરાતા પાર્ટસની કામગીરી કાચોમાલ, પ્રોસેસ, ટર્નઓવર તેનું માર્કેટીંગ અને એક્સપોર્ટ અંગેની વિશેષ માહિતી આપી હતી અને ટાટા એસ સાથેનું સહયોગ અંગેની માહિતી, કંપનીના રોકડપ્રવાહ તથા પ્રવાહિતા અંગે માહિતગાર કર્યા હતા.આ વિઝિટમાં ટી.વાય.બી.કોમ.માં અભ્યાસ કરતાં કોલેજના 22 વિદ્યાર્થીઓ તથા 3 આધ્યાપકો તેમજ આચાર્યએ ઉપસ્થિત રહી ભાગ લીધો હતો.










વાંસદા ખાતે આવેલ જાનકીવન, ઉનાઈ, ઈકોટુરીઝમ, પદમડુંગરી અને વનિલ ઉદ્યોગની મુલાકાત લેતા **N.S.S.** ના સ્વયંસેવકો.





ગુજરાત સરકાર સંચાલિત વનિલ ઉદ્યોગ વાંસદા ખાતે સાગના લાકડામાંથી તૈયાર થતા વિવિધ ફર્નિચરની બનાવટની સંપૂર્ણ પ્રોસેસ પ્રક્રિયાથી માહિતગારી મેળવતા વિદ્યાર્થી - વિદ્યાર્થીનીઓ સાથે આચાર્યશ્રી.



વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને સાગના લાકડાને બોયલર પ્રક્રિયામાંથી પસાર કરી વિવિધ ફર્નિચરની બનાવટ પ્રોસેસથી માહિતગારી કરાવવા વનિલ ઈન્ડસ્ટ્રીના કર્મચારી



તા. 07/02/2023 નાં રોજ કરિયર ગાઈડન્સ ઉપર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા સ્વામી વિવેકાનંદ કોલેજ રોણવેલ જિ.વલસાડના ઈ.ચા. આચાર્યશ્રીઅને પ્રા. પ્રજ્ઞેશભાઈ ગામીત.

# ૧૦.૧.૪. ફિનિશિંગ સ્કૂલ અહેવાલ - શૈ.વર્ષ : ૨૦૨૨-૨૩

ડૉ. જ્યોતિ એમ. કુરાડા

ડૉ. મનિષાબેન આર. જોગિયા

ગુજરાત સરકારશ્રીના ઉચ્ચ શિક્ષણ વિભાગ તેમજ નૉલેજ કોન્સોટીયમ ગુજરાત(KCG) અમદાવાદ દ્વારા આયોજિત "ફિનિશિંગ સ્કૂલ પ્રકલ્પ" જે ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ થી કાર્યરત છે. ફિનિશિંગ સ્કૂલ તાલીમનો ઉદેશ્ય ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓને સોફ્ટસ્કીલ તથા સ્પોકન ઇંગ્લિશની કૌશલ્યવર્ધક તાલીમ આપી તેઓની રોજગારી મેળવવાની ક્ષમતામાં વધારો કરવાનો છે. આ પ્રકલ્પ અંતર્ગત અત્રે સરકારી વિનયન, વાણિજય અને વિજ્ઞાન કૉલેજ, ખેરગામ જિ. નવસારી ખાતે તા. ૨૪/૧૧/૨૦૨૨ થી ૧૭/૧૨/૨૦૨૨ દરમ્યાન આચાર્યશ્રી ડૉ. એસ. એમ. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ કુલ ૨૦ દિવસ અને ૮૦ કલાકની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમ માટે KCG દ્વારા PRAKSHAL INFOTECH PRIVATE LTD એજન્સીના ટ્રેનરો ફાળવવામાં આવ્યા હતા. જેમાં અમદાવાદથી માસ્ટર ટ્રેનર ડૉ. આદિત્ય યાજ્ઞિક કે જેઓ વિશ્વની ૧૬ થી વધુ ભાષાઓનાં જાણકાર હતા. તેમના Positive Attitude થી વિદ્યાર્થીઓ ખૂબ જ ઉત્સાહી રહ્યા. વડોદરાથી તેમની સાથે અન્ય બીજા ટ્રેનર સિદ્ધાર્થ પરમ હતા, જેઓએ ૨૦ દિવસ સુધી વિદ્યાર્થીઓના ઉત્સાહને જાળવી રાખ્યો હતો. આ રીતે ફિનિશિંગ સ્કૂલની તાલીમમાં કૉલેજના શૈ.વર્ષ:૨૦૨૨-૨૩માં અભ્યાસ કરતા S.Y/T.Y.B.A/B.COMના ૫૧ જેટલા ઉત્સાહી વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો.

તા.૨૪/૧૧/૨૦૨૨ થી ૨૯/૧૧/૨૦૨૨ દરમિયાન Life Employability Skills-1 તા. 30/૧૧/૨૦૨૨ થી ૦૫/૧૨/૨૦૨૨ સુધી Functional English Skill-1 તેમજ તા. ૦૬/૧૨/૨૦૨૨ થી ૧૦/૧૨/૨૦૨૨ દરમિયાન Life Employability Skills-2 અને તા. ૧૨/૧૨/૨૦૨૨ થી ૧૭/૧૨/૨૦૨૨ દરમિયાન Functional English Skill-2 એમ ચાર મોડ્યુલની તાલીમ પૂર્ણ કરવામાં આવી હતી. ફિનિશિંગ સ્કૂલ તાલીમ દરમિયાન વિદ્યાર્થીઓએ Life & Employ Ability Skills, Functional English Skill, Positive attitude Motivation માં વધારો થયો છે, જે પુર્ણાહુતી સમય દરમિયાન વિદ્યાર્થીના પ્રતિભાવો દ્વારા જણાયું હતું. સમાજશાસ્ત્ર વિષયના પ્રાધ્યાપિકા અને ફિનિશિંગ સ્કુલના કૉ.ઓર્ડીનેટર ડૉ. જ્યોતિ એમ.કુરાડા તેમજ હિન્દી વિષયના પ્રાધ્યાપિકા અને ફિનિશિંગ સ્કુલના કૉ. કો-ઓર્ડીનેટર ડૉ. મનીષાબેન આર. જોગિયાએ સમગ્ર તાલીમનું સફળ સંચાલન કાર્ય કર્યું હતું.

તા.૨૪/૧૧/૨૦૨૨ થી ૨૯/૧૧/૨૦૨૨ દરમિયાન Life Employability Skills-1












ફિનિશિંગ સ્કૂલની તાલીમ માટે પધારેલ અમદાવાદથી માસ્ટર ટ્રેનર ડૉ.આદિત્ય યાજ્ઞિક અને વડોદરાથી તેમની સાથે અન્ય બીજા ટ્રેનર સિદ્ધાર્થ પરમનું સ્વાગત કરતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ, ફિનિશિંગ સ્કુલના કૉ.ઓર્ડીનેટર પ્રા.ડૉ.જ્યોતિબેન કુરાડા અને ફિનિશિંગ સ્કુલના કૉ. કો-ઓર્ડીનેટર પ્રા.ડૉ.મનીષાબેન આર.જોગિયા

તા. ૩૦/૧૧/૨૦૨૨ થી ૦૫/૧૨/૨૦૨૨ સુધી Functional English Skill-1






વિદ્યાર્થીઓને ફિનિશિંગ સ્કૂલની તાલીમ આપતા ટ્રેનર સિદ્ધાર્થ પરમ

તા. ૦૬/૧૨/૨૦૨૨ થી ૧૦/૧૨/૨૦૨૨ દરમિયાન Life Employability Skills-2










તા. ૧૨/૧૨/૨૦૨૨ થી ૧૭/૧૨/૨૦૨૨ દરમિયાન Functional English Skill-2